## -: ડોમેસ્ટિક વિમાની પ્રવાસ માટે માસ બુકીંગ માટે કમીશનના ભાવો અંગે ટેન્ડરની મુખ્ય શરતો :-

(૧) એજન્સીએ વિમાની પ્રવાસ માટેના બુકીંગ માટે કમિશનના ભાવ અને વિમાની પ્રવાસના આરક્ષણ રદ્દ કરવાના સંજોગોમાં આરક્ષણ રદ્દ કરવાના કમિશનના ભાવ ભરવાના રહેશે.

(૨) એજન્સી દ્વારા ભરવામાં આવેલ કમિશનના ભાવ એજન્સીને કામગીરી સોંપવા અંગેના હુકમની તારીખથી એક વર્ષના સમયગાળા સુધી અમલમાં રહેશે.

(૩) એજન્સીએ ટેન્ડર ફી પેટે રૂ.૧૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનના નામે ભાવપત્રક સાથે સામેલ કરવાનો રહેતો એજન્સીને ટેન્ડર ફી પરત મળવાપાત્ર રહેશે નહી.ટેન્ડર ફીનો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવામાં આવેલ ન હોય તો ટેન્ડર રદ્દ કરવાને પાત્ર થશે.

(૪) એજન્સીએ ભાવપત્રક સાથે અર્નેષ્ટ મની ડીપોઝીટ પેટે રૂ.૧૦,૦૦૦/-નો ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનને ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. અર્નેષ્ટ મની ડીપોઝીટનો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવામાં આવેલ ન હોય, તો ટેન્ડર રદ્દ કરવાને પાત્ર થશે.

(૫) પસંદગી પામેલ એજન્સીની અર્નેષ્ટ મની ડીપોઝીટની રકમ સિક્યોરીટી ડીપોઝીટ તરીકે પ્રતિષ્ઠાન ખાતે જમા લેવામાં આવશે.

(૬) કરારનો સમયગાળો પૂર્ણ થયેથી એજન્સીની સંતોષકારક કામગીરીને ધ્યાને લઇ સિક્યોરીટી ડીપોઝીટની રકમ પરત આપવામાં આવશે. સદર રકમ પર અત્રેથી કોઇ પણ પ્રકારના વ્યાજની ચૂકવણી કરવામાં આવશે નહી.

(૭) એજન્સી દ્વારા સરકારી કચેરી કે અન્ય સરકારી સંસ્થાઓમાં આ બાબતે કરેલ કામગીરી અંગેના હુકમો ટેન્ડર સાથે સામેલ કરવાના રહેશે.

(૮) વિમાની ટિકીટનું આરક્ષણ બુકીંગ અત્રેથી મળેલ સૂચના મુજબ કરવાનું રહેશે.

(૯) વિમાની પ્રવાસ થયા બાદ જ બીલો પ્રતિષ્ઠાનને રજૂ કરવાના રહેશે.

(૧૦) આરક્ષિત ટિકીટો કચેરીએ/સબંધિત સ્થળે અત્રેની કચેરીની સૂચના મુજબ પહોંચાડવાની રહેશે.

(૧૧) આપની સંસ્થા માન્ય કાયદા હેઠળ નોંધાયેલ હોવી જોઇએ. જેનો આધાર–પુરાવા ટેન્ડર સાથે રજૂ કરવાના રહેશે.